GFKC launches Internship Program aimed at Smart Talent Management

# જીએફકેસી દ્વારા સ્માર્ટ ટેલેન્ટ મેનેજમેન્ટના ઉદ્દેશથી ઈન્ટર્નશિપ પ્રોગ્રામનો થયેલ પ્રારંભ

■ બ્યુરો દ્વારા
■ અમદાવાદ, તા. ૨

ગ્રીનફીલ્ડ નોલેજ સેન્ટર (જીએફકેસી) દ્વારા જીએફકેસી ઈન્ટર્નશિપ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે, જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકાસ દ્વારા નોકરી માટેની પાત્રતા વધારવાનો છે. આ પ્રયાસ આઈટીઈ, અમદાવાદ સેન્ટરના સહયોગથી પેરેન્ટ કંપનીની કોર્પોરેટ સામાજિક જવાબદારીના ભાગ તરીકે હાથ ધરાયો છે.

હાલની પરિસ્થિતિમાં સામાન્ય રીતે ઉદ્યોગો તથા ખાસ કરીને નાના અને મધ્યમ કદના એકમો કુશળ માનવબળની તંગી અનુભવી રહ્યા છે. જયારે બીજીતરફ નોકરી શોધતા યુવાનોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે અને તેમાંના ઘણાં લોકો યોગ્ય નોકરી મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ સ્થિતિ માત્ર ગુજરાતમં જ છે તેવું નથી પણ દેશના તમામ ભાગોમાં આવી જ હાલત છે.

આ સંજોગોમાં જીએફકેસી દ્વારા આકરા સંશોધન, ચર્ચાઓ, પરામર્શ અને અજમાયશને આધારે એક સ્માર્ટ ટેલેન્ટ મેનેજમેન્ટ પ્રક્રિયા વિકસાવવામાં આવી છે અને જીએફકેસી ઈન્ટર્નશિપ પ્રોગ્રામ એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે યોગ્ય ઉમેદવાર પસંદ કરી શકાય અને સઘન તાલીમ દ્વારા તેનામાં કૌશલ્ય નિર્માણ કરી શકાય.

આ પ્રોગ્રામ અંગે વિગતો આપતાં જીએફકેસીના ચેરમેન જી.ડી. પટેલે જણાવ્યું હતું કે, અમે તાજેતરમાં પ્રથમ પાયલોટ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ તૈયાર કર્યો છે અને પ્રથમ બેચ માટે ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા અને તેમાંથી ૨૪ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા છે. આ પ્રોગ્રામ વિદ્યાર્થીની ટેકનીકલ, માર્કેટીંગ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટના કૌશલ્યની કસોટી થાય અને તાલિમ મળે તે પ્રકારે ડિઝાઈન કરવામાં આવ્યો છે અને પ્રોગ્રામને અંતે કંપનીઓ પ્લેસમેન્ટ માટે આગળ આવશે.